ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૨/9677-9713

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,

ગાંધીનગર. તા.૧૦/૦૮/૨૦૨૨

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)

ગુજરાત રાજ્ય.

વિષય:- પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય તરફથી રક્ષાબંધન પર્વની ઉજવણી કરવા બાબત.

સંદર્ભ :- શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો પત્રક્રમાંક:પરચ/૧૨૨૦૨૨/૨૩૩/વ-૨, તા.૨૧/૦૭/૨૦૨૨

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્રથી મળેલ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, સેક્ટર-૨૮, ગાંધીનગરના તા.૧૩/૦૭/૨૦૨૨ના પત્રની નકલ જાણ તેમજ જરૂરી નિયમાનુસારની કાર્યવાહી માટે આ સાથે મોકલી આપવામાં આવે છે.

સંયુક્ત નિયામક

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

ગાંધીનગર

બિડાણ :- ઉપર મુજબ.

નકલ સવિનય રવાના :-

- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.

D:\Rakesh Dabhi\Jyantibhai\1.પરિપત્ર\8-8-22.docx



"શિવ શક્તિ ભવન" પ્લોટ નં.૩૫૧, ઇન્કવાયરી ઓફિસ પાસે, સેક્ટર-૨૮, ગાંધીનગર-૩૮૨૦૨૮
મોબાઇલ : 99790 99922, 99798 66777, ફોન : 079-232 11142, 43, Website:www.gandhinagar.bk.ooo
E-mail : kailashdidi@gmail.com, sector28.gnr@bkivv.org

તારીખ : ૧૩.૦૭.૨૦૨૨

પ્રતિ,

શ્રી એસ.જે.હૈદર (IAS)

અગ્ર સચિવશ્રી ઉચ્ચ શિક્ષણ, ટેકનીકલ શિક્ષણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર

વિષય:પ્રજાપિતા બ્રહ્માકુમારી ઇશ્વરીય વિશ્વ વિધ્યાલય તરફથી રક્ષાબંધન પર્વની ઉજવણી કરવા બાબત

સંદર્ભ: શિક્ષણ વિભાગના પત્રાંક: પરચ-૧૧૨૦૨૧/૨૭૯/વ.૨ તા.૩૧/૦૭/૨૦૨૧

આત્મિય બંધુ,

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત આપણા લોકલાડીલા વડાપ્રધાનશ્રી અધ્યક્ષતામાં 'આઝાદી કે અમૃત મહોત્સવ સે સ્વર્ણિમ ભારત કી ઓર'ના થીમ હેઠળ બ્રહ્માકુમારીઝના વિવિધ રાષ્ટ્રીય કાર્યક્રમોનો વર્ચ્યુઅલ શુભારંભ ૨૦,જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ કરવામાં આવેલ. જેમાં આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ બ્રહ્માકુમારીઝનું, સરકારની સાથે રહીને કેટલીક વિશેષ મોટી જવાબદારીઓ નિભાવવા આહવાન કરેલ. જે પ્રમાણે સમગ્ર ભારતના કેન્દ્રો દ્વારા સેવાકીય પ્રવૃત્તિઓ થઈ રહી છે.

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઇશ્વરીય વિશ્વ વિધ્યાલય ૧૯૩૭ થી ભારત સહિત વિશ્વના ૧૪૭ દેશોમાં ૮,૫૦૦ સેવાકેન્દ્રો દ્વારા સત્ય ગીતાજ્ઞાન અને રાજયોગથી માનવમાં રહેલા સુખ, શાંતિ, આનંદ,પ્રેમ જેવા દિવ્યગુણોને ઉજાગર કરી ભારત પર સ્વર્ણિમ દુનિયાની સ્થાપનાનું ભગીરથ કાર્ય નિઃશુલ્ક અને નિ:સ્વાર્થ ભાવનાથી કરી રહેલ છે. સંસ્થા સંયુક્ત રાષ્ટ્રસંઘ સાથે બીનસરકારી સંસ્થા તરીકે જોડાયેલ છે તથા આર્થિક અને સામાજિક પરિષદ(ECOSOC) અને યુનિસેફ (UNICEF)ના સલાહકારનું પદ ધરાવે છે.સંસ્થાની વૈશ્વિક કામગીરી થકી સંસ્થાને અનેક આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરના પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવેલ છે.

બ્રહ્માકુમારીઝ દ્વારા છેલ્લા ૪૨ વર્ષથી શાળાઓ, કોલેજો, સરકારી-બિનસરકારી કચેરીઓ, હોસ્પિટલો, જેલો, વિભિન્ન સામાજિક સંસ્થાઓમાં રક્ષાબંધન કાર્યક્રમો આયોજિત કરી સ્વપરિવર્તથી વિશ્વપરિવર્તન કરવા પવિત્ર રાખડી બાંધી, શુભભાવના, બંધુત્વભાવના જેવા સદગુણોની ધારણા માટે દ્રઢ પ્રતિજ્ઞા કરાવવામાં આવે છે, જેના ફલસ્વરૂપે વિધ્યાર્થી બંધુઓ ગુણવાન, ચારિત્ર્યવાન અને નૈતિક મૂલ્યવાન બની સમય,શક્તિ અને સંપતિની બચત કરે છે, રાષ્ટ્રને મદદ રૂપ બને છે.

કોવિડની મહામારીના કારણે માનસિક તનાવગ્રસ્ત આત્માઓમાં પરમાતમ આશીર્વાદ સ્વરૂપે ઈશ્વરીય શક્તિ અને આત્મ વિશ્વાસનો સંચાર કરવા ગુજરાતની શાળાઓ અને કોલેજોમાં રક્ષાબંધન કરવા માટે જરૂરી સુચના/પરિપત્ર સવેળા બહાર પાડી ઇશ્વરીય સેવામાં સહભાગી થવા વિનંતિ છે.

ઇશ્વરીય સેવામાં,

બ્ર.કે.કૈલાશ

(બી કે કૈલાશ)

સંચાલિકા, બ્રહ્માકુમારીઝ ગાંધીનગર

૨૩૩/વ.૨
૧૯/૦૭/૨૦૨૨